## હરિની દૃષ્ટિ...




મેમ, ટેક્નોલોજીનાં વિકાસનાં કારણે મારુ રીઝલ્ટ નબળુ આવ્યું છે... મમ્મી પપ્પા મોટાભાગે વોટ્સએપ પર હોય છે... અને ફોન મુકે... ત્યારે હું ઓનલાઈન થઈ જવું છું...!!

# બુટલેગરના મકાનના વાડામાં દાટેલો દારૂ-બિયરનો જથ્થો મળ્યો

## સે-૭ પોલીસે મધરાતે ફતેપુરામાં દરોડો પાડી ૨૬ હજારનો દારૂ-બિયર જપ્ત કર્યો : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેક્ટર-૧૫ ફતેપુરા ખાતે રહેતા એક બુટલેગરના મકાનના વાડામાં દારૂ-બિયરનો જથ્થો સંતાડેલો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસની ટીમે મધરાતે દરોડો પાડી વાડામાં દાટીને સંતાડેલો રૂ. ૨૬ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો હતો જો કે બુટલેગર મકાનમાં હાજર ન હતો. સે-૭ પોલીસે દારૂ-બિયર જપ્ત કરી બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

સેક્ટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એમ.પી.ચૌહાણ તથા પો.કો. ધિરેન્દ્રસિંહ, પુષ્પેન્દ્રસિંહ સહીતની ટીમે મોડી રાત્રે બાતમીને આધારે સેક્ટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં દરોડો પાડયો હતો. બુટલેગર મહેશજી રમેશજી ઠાકોરના મકાનના વાડામાં દાટેલી ૪૬ નંગ રોયલ સ્ટેગ વિદેશી દારૂની બોટલો અને ૨૦ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૨૬ હજારનો દારૂ-બિયર મળી આવ્યો હતો. સે-૭ પોલીસે રૂ. ૨૩ હજારની દારૂની બોટલો અને રૂ. ૩ હજારના બિયરના ટીન કબ્જે લઈ મહેશ ઠાકોર સામે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે તો બીજી તરફ ફરાર મહેશ ઠાકોરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.



## ખૂણે ખાંચરેથી...

● શંકરસિંહ વાઘેલા બાપુ યુનિવર્સિટીનો યુવક મહોત્સવ સોમવારથી આરંભાશે.

● સેક્ટર-૬ના મેદાનમાં સર્કસે પડાવ નાખ્યો.

● પ્રથમ વખત શનિવારે બેંકો બંધ રહેતા ઘણા ગ્રાહકોને ધક્કા પડ્યા હતા.

● પટેલ આંદોલનના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓને નવસારીની જવાબદારી અપાઈ હતી.

● જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીઓના પગલે બંને રાજકીય પક્ષોમાં ટિકિટ મેળવવા દોડધામ ચાલુ થઈ ગઈ છે.

● અમદાવાદ પીરાણા ખાતે આર.એસ.એસ.ની મહિલા સમન્વય બેઠકનો પત્રકારો દ્વારા બહિષ્કાર.

● હજુ એક વખત નેટવર્ક, વૉટ્સએપ અને ઈન્ટરનેટ સેવાઓ પર હંગામી પ્રતિબંધ આવવાની દહેશત વર્તાય છે.

# લવારપુરમાં જાહેરમાં જુગાર રમતાં ત્રણ પકડાયા : બે ફરાર

## રોકડ ૧૫,૪૦૦ સહિત ૮૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૨

લવારપુર ગામમાં એક ખુલ્લા ખેતરમાં જાહેરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગાર રમી રહેલા પાંચ પૈકી પાલજના બે શખ્સો ફરાર થઈ ગયા હતા જ્યારે ત્રણ શખ્સો પકડાઈ ગયા હતા. મુળ કલકત્તાના અને સોનાના દાગીનાની ડિઝાઈનનું કામ કરતા સુનિલ વિષ્ણુ ભંડારી, હુશૈનઅલી અક્તરઅલી શેખ તથા ગોજારીયાના પ્રવિણ ડાહ્યા સોલંકીની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે ગાંધીનગર નજીકના પાલજ ગામમાં રહેતા પ્રહલાદ જવાન ઠાકોર અને જીતુ પૃથ્વીસિંહ બિહોલા ભાગી ગયા હતા. પોલીસે રોકડ રૂ. ૧૫,૪૦૦ તથા ત્રણ બાઈક અને પાંચ મોબાઈલ મળી કુલ રૂ. ૮૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માતા-પુત્રના અગ્નિસ્નાન પ્રકરણમાં ત્રણની ધરપકડ

## આપઘાત માટે દુષ્પ્રેરણ બદલ પતિ સાસુ સહિત ત્રણ પકડાયા : એક ફરાર

ગાંધીનગર, તા.૧૨

પેથાપુરમાં ગઈ કાલે માતાએ તેણીના દોઢ વર્ષના દિકરાને સાથે રાખીને શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લીધું હતું. આ પ્રકરણમાં દહેજ માંગી આપઘાત માટે મજબુર કર્યા સંદર્ભે પતિ-સાસુ સહિત ચાર સામે મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી. પેથાપુર પોલીસે આજે ત્રણની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

પેથાપુર દેવભુમિ સોસાયટીમાં રહેતા ૨૬ વર્ષીય સોનલબા ચાવડાએ દોઢ વર્ષના દિકરા વિરભદ્રસિંહ સાથે આપઘાત કરી લીધો હતો. મૃતકના ભાઈ કુલદિપસિંહે આ પ્રકરણમાં મૃતકના પતિ સુરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચાવડા, સાસુ કૈલાશબા અને સુરેન્દ્રસિંહની બંને બહેનો સોનલ અને ભાવના મળી ચાર સામે દહેજની માંગણી કરી અવારનવાર માનસિક-શારીરિક ત્રાસ આપી આપઘાત કરવા દુષ્પ્રેરણ કરાયું હોવાની ફરિયાદ આપી હતી. આ મામલે તપાસ ચલાવી રહેલા પી.એસ.આઈ. ડી.બી. વાળાએ આજે પતિ, સાસુ અને સોનલબા મળીને ત્રણ આરોપીની ધરપકડ કરી લીધી છે જયારે ભાવનાબા હજુ ફરાર છે.

# મૌસમની મસ્તી : શ્રોતાઓ શ્રાવણમાં ભીંજાયા મેળામાં મહાલ્યા.. ભકિતરસમાં તરબોળ થયા

## નગરમાં વૃક્ષોને પણ શિસ્તમાં ઉભા રહેવુ પડે છે. કલાકારોને કાંઈ દાદ પણ અદબથી મળે છે. અદભૂત ગાયકી ,તબલા અને બાંસુરી વાદને શ્રોતાઓને ડોલાવ્યા ડો માર્ગી હાથીના રસ દર્શને પણ હેતે ભીજવ્યા

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં વૃક્ષોને પણ સ્વંય શિસ્તમાં ઉભા રહેવુ પડે છે. નિતિ નિયમોમાં લપેટાયેલા શહેરમાં કલાકારોને દાદ પણ કાંઈક શિસ્તના અંદાજમાં મળે છે. મૌસમ, મેળો અને કૃષ્ણ તેમજ શિવભકિત રસમાં ભીજવતા કલા ગુર્જરી આયોજિત મૌસમની મસ્તી કાર્યક્રમમાં શ્રોતાઓ મેળામાં મહાલ્વાની સાથે શ્રાવણના સરવરિયામાં ભીંજાવાના આનંદ સાથે ડોલ્યા હતા.અદભૂત ગાયકી અને તબલા બાંસુરી વાદનની સંગતે મૌસમની રંગત જાણે સાચા અર્થમાં નિખરી હતી.




કલા ગુર્જરી આયોજિત મૌસમની મસ્તી કાર્યક્રમમાં મેળો મૌસમ , કૃષ્ણ અને શિવ ભકિતનો અનોખો સંયોગ જોવા મળ્યો હતો.ગુજરાતી ગીત સંગીતની એક યાદગાર સફરના આ કાર્યક્રમમાં મુંબઈના કલાકારોએ નગરની મૌસમનો મિજાજ જ બદલી નાંખ્યો હતો. મંચ પરથી રજુ થતી રમેશ પારેખ, દલપતરામ, ઘાયલ,દયારામ,ઉમાશંકર જોષી અને ઝવેરચંદ મેઘાણી તેમજ નરસિંહ મહેતા સહિતના જાણીતા કવિઓની અદભૂત રચનાએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દિધા હતા. ઉદય મઝમુદાર રેખા ત્રિવેદીની ગાયકીને તેમજ તબલા વાદન અને સંદીપ કુલકર્ણીના બંસુરી વાદનની સંગતે વધુ મજેદાર બનાવી શ્રોતાઓને શબ્દ સુર અને સંગીતની છાલકથી ભીંજવી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન અષાઢી મેઘના અંબર ગાજે ..હુ તા ગઈ તી મેળે ..મન મોર બની થનગાટ કરે ..આજની ઘડી તે રળિયામણી સહીતની જાણીતી કૃતિઓ રજુ થઈ હતી. વળતા શ્રાવણિયાના મિજાજ સાથે મેળાની ભાતિગળ સંસ્કૃતિનો આછોતરા ચિતાર સાથે શ્રોતાઓ કૃષ્ણ અને શિવ ભકિતમાં રસતરબોળ થયા હતા.પ્લાન્ટ ફેર ..એન્ડ ફન ફેર ઈઝ નોટ ફેર મેળામાં મહાલ્વાની અલગ જ મજા હોય છે.ગાયક કલાકારો સુર થકી સંગીતકાર વાંજીત્રોથી સંચાલક શબ્દોથી અને શ્રોતાઓ તાલીઓથી એકમેક સુધી પહોચે તેને પણ એક મેળો કહેવાય..

સમગ્ર કાર્યક્રમનુ અદભૂત રસ દર્શન કરાવી ડો માર્ગી હાથીએ ઉપસ્થિત શ્રોતાઓનુ મૌસમના નિખરતા મિજાજની જેમ જ દિલ જીતી લીધુ હતુ.કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રમુખ એન પી પટેલ આશા સરવૈયા મયંક દવે જયોત્ન્દ્ર વ્યાસ સહીતના અગ્રણીઓ અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



# કોબા પુલ પાસેથી બાઈક ચોરાયું : બીજા જ દિવસે બિનવારસી હાલતમાં મળી આવ્યું

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદ સીટીમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને મુળ કોલવડાના વતની ઉપેન્દ્રસિંહ નારણજી વાઘેલા ગઈ કાલે રાત્રે કોબા પુલ પાસે પહોંચ્યા હતા ત્યારે તેમના બાઈકના ટાયરનું પંચર થઈ જતા રાત્રે ૧૨ વાગ્યે કોબા પુલ પાસે રૂ. ૩૦ હજારની કિંમતનું ડીસ્કવર બાઈક મુકી દીધું હતું.

ત્યારબાદ ઘરે બીજા વાહનમાં પહોંચ્યા હતાં. સવારે ૭ વાગે આવીને જોયું તો બાઈક ચોરી થઈ ગયું હતું. ઈન્ફોસીટી પોલીસ મથકમાં બાઈકચોરીની ફરિયાદ નોંધાવી તેટલામાં બીજે જ દિવસે ઈન્ફોસીટી પોલીસને બીનવારસી હાલતમાં આ ચોરીનું બાઈક મળી ગયું હતું.

# જે.એસ. પટેલ વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

રાંધેજા સ્થિત જે.એસ. પટેલ વિદ્યામંદિર ખાતે અગાઉ તા.૭ સપ્ટેમ્બરથી તા. ૧૨ સપ્ટેમ્બર દરમિયાન જ્ઞાન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સપ્તાહ દરમિયાન સુલેખન, શાળા સફાઈ, વૃક્ષારોપણ, આરોગ્ય પ્રદર્શન-પ્રવચન, સ્વયં શિક્ષક દિન જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓએ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને શાળા પરિવારે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. તેમજ શાળાના આચાર્ય એ જ્ઞાન સપ્તાહ કાર્યક્રમોની કામગીરી અંતર્ગત સહકાર બદલ આભાર પાઠવ્યો હતો.

## ક્ષમા : રાખો, માંગો અને આપો

### પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

# જે આત્મા કલ્પસુત્ર સાંભળે, તેના મોક્ષોના દ્વાર ખુલી જાય છે

સમુદ્રમાં ડુબકી લગાડીને મરજીવાઓ મોતી કાઢી લાવે છે અને તેનો લાભ બીજાઓ સારી રીતે ઉઠાવે છે. એવી રીતે પ્રત્યાઘાત નામના પૂર્વરૂપી




સાગરમાંથી ઉદધૃત કરીને ચૌદપૂર્વી આચાર્યદેવશ્રી ભદ્રબાહુસુરીશ્વરજી મહારાજે કલ્પસુત્રની રચના કરી છે. જેમ હિન્દુમાં ગીતા, મુસ્લિમમાં કુરાન, ક્રિશ્ચિયનમાં બાઈબલ, બોદ્ધોમાં ત્રિપિટક પવિત્ર મનાય છે. એવી રીતે જૈનોમાં કલ્પસુત્ર ગ્રંથ મહાપવિત્ર મનાય છે.

કલ્પ એટલે આચાર, આચારની વિચાર ઉપર અસર પડે છે. "જેવું અન્ન એવું મન" તેમજ વિચારની આચાર ઉપર અસર થાય છે. બંનેને પરસ્પર સાક્ષેપ છે. વિચાર ભ્રષ્ટતા જાતને ડુબાડે છે. આચાર ભ્રષ્ટતા અનેકોને ડુબાડે છે.

આ મહાપવિત્ર શાસ્ત્રમાં, શરૂઆતમાં આચેલ્ય આદિ દશ આચારનું વર્ણન કરવામાં આવે છે. પર્યુષણ મહાપર્વના શરૂઆતના ત્રણ દિવસમાં શ્રાવકના આચારનું કરવામાં આવ્યું છે. આજથી સાધુના આચાર અને ત્યારબાદ ભગવાન મહાવીર સ્વામીના જીવનનું વિસ્તારથી વર્ણન તે પછી ૨૩ તીર્થકરોનું સંક્ષિપ્ત વર્ણન ત્યાર પછી મહાવીર ભગવાનની પાટ પરંપરાનું વર્ણન અને છેલ્લે સાધુની સમાચારનું વર્ણન કલ્પસુત્ર દ્વારા કરવામાં આવે છે.

**પર્યુષણ ચોજો દિવસ**

કેટલાકને પ્રશ્ન થાય છે કે સાધુના આચાર, સમાચારી વગેરેનું વર્ણન શ્રાવકોની સામે કરવાની શી જરૂર છે ? વાત સાચી છે. પહેલા કલ્પસુત્રનું વાંચન શ્રવણ યોગ્યતાનુસાર સાધુ-સાધ્વીજીમાં થતું હતું. પરંતુ ભગવાન મહાવીર સ્વામીના નિવાણ પછી ૯૮૦ વર્ષ ધ્રુવસેન રાજાનો પુત્ર મરણ પામવાથી શોકથી સંતૃપ્ત થયેલા રાજાને સમાધિ આપવા માટે વડનગરમાં રાજા રાણી વગેરે ગૃહસ્થોની સભાઓમાં મહાપવિત્ર કલ્પસુત્રનું વાંચન થયું. તેથી બધાનો શોક દૂર થયો અને બધા હર્ષ અને આનંદથી વિભોર બની ગયા. ત્યારબાદ આ કલ્પસુત્ર ચતુર્વિધ સંઘને સંભળાવવામાં આવે છે.જે આત્મા સંપુર્ણ કલ્પસુત્ર ૨૧ વાર ભાવપુર્વક સાંભળે છે તે આત્માના મોક્ષના દ્વાર અવશ્ય ખુલી જાય છે. આત્મા પરમ સુખનો ભોકતા બને છે. તેના ભવભ્રમણ મટી જાય છે. અલબત્ત કલ્પસુત્રના શ્રવણ સાથે શક્તિ અનુસારે તપ શાસનપ્રભાવના આદિ સહયોગી કારણોની પણ આવશ્યકતા રહે છે.

પહાડ ઉપર ચઢવાની યાત્રમાં જ્યાં બેઠા હોઈએ, ત્યાં ઝોકું આવી ગયું. અરે સુઈ ગયા, તો પણ જાગ્યા, ત્યારે ઉપર ચઢવાનું હોય છે. પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં જ્યાં મોહનું ઝોકું આવ્યું ત્યાંથી એવાં ગબડે કે પાછા એ સ્થાન ઉપર આવતા લાખો કરોડો ભવ કરવા પડે. આ વાત કલ્પસુત્રમાં મરીચિના ભવોથી સમજાવી છે. ત્રીજા ભવમાં તેઓ એવા ગબડ્યા કે ચરમ ભવમાં અષાઢ સુદ-૬ના દિવસે ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં દેવાનંદાની કુક્ષિમાં આવવા સુધી તે કર્મનું બેલેન્સ ચાલ્યું. તેથી ચ્યવન વખતે ઈંદ્ર સિંહાસનનું કંપવુ વગેરે ન થયું. ત્યારબાદ ૮૨ દિવસ ગયા પછી તે કર્મ ખપી જવાથી ઈન્દ્રને ખબર પડી ત્યારે મોજડી ઉતારી પ્રભુની દિશામાં "નમુત્યુણં" બોલ્યા.

ધર્મ સારથિ તરીકે નવાજેલા પ્રભુ મહાવીર સ્વામીએ ઉન્માર્ગે ગયેલા મેઘકુમાર મુનિને શી રીતે સન્માર્ગ પર લાવ્યા. એ વાત આજે કલ્પસુત્રમાં પ્રથમ વ્યાખ્યાનમાં જાણવા મળે છે. આજે બપોરના બીજા વ્યાખ્યાનમાં મુખ્ય ૨૭ ભવનું વર્ણન આવે છે. સમ્યગ્દર્શન નયસારના ભવમાં પ્રાપ્ત થયું તે પહેલો ભવ કહેવાયો. બીજા ભવમાં દેવલોકમાં ગયા.

# આરટીઓ કચેરી સામે રાજ ઝેરોક્ષમાં જુગાર રમતા ચાર ઝડપાયા

## સેક્ટર-૭ પોલીસે દરોડો પાડી ૩.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સે. ૩-ન્યુ વિસ્તારમાં સ્થિત આર.ટી.ઓ. કચેરી સામે રાજ ઝેરોક્ષમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસની ટીમે દરોડો પાડી ચાર શકુનીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રોકડ રૂ. ૫૬,૫૦૦ તથા બે વાહન અને ચાર મોબાઈલ મળીને કુલ રૂ. ૩.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે ચારેયની ધરપકડ કરી લીધી છે.

સેક્ટર-૭ પોલીસમથકમાં ડીસ્ટાફ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહ, ધિરેન્દ્રસિંહ સહીતની ટીમે બાતમીને આધારે સેક્ટર-૩-ન્યુ પ્લોટ નં. ૨૧૩માં આરટીઓ કચેરી સામે ચાલતા રાજ ઝેરોક્ષની ઓફીસમાં દરોડો પાડ્યો હતો. બપોરે પોલીસે દરોડો પાડીને જુગાર રમી રહેલા ચાર શખ્સોને દબોચી લીધા હતા. સેક્ટર-૨૬ પ્લોટ નં. ૭૧૩/૧ ખાતે રહેતા અમિત કનુજી રાણા, સેક્ટર-૩-બી પ્લોટ નં. ૪૯૭/૨માં રહેતા ચંપક અંબાલાલ વાઘેલા, સે. ૩-બી પ્લોટ નં. ૨૦૭/૨માં રહેતા ધર્મેન્દ્ર રણજીતસિંહ લોધા અને સે. ૩-બી પ્લોટ નં. ૨૫૮/૧ માં રહેતા નિલેશ અમૃતભાઈ રાજન મળીને ચાર શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. જુગારના દાવ પરથી મળેલા રૂ. ૨૪,૫૦૦, અંગ જડતીમાંથી મળેલા રૂ. ૩૨ હજાર તથા ૪ મોબાઈલ અને બે વાહનો મળી કુલ રૂ. ૩,૨૫,૦૨૦નો મુદ્દામાલ જપ્ત કરીને સે. ૭ પોલીસ કાયેદસરની કાર્યવાહી આરંભી છે.

## આજે સદભાવના સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધી મિત્ર વર્તુળ તેમજ સદભાવના ફોરમ દ્વારા ૧૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ થી સાંજના ૪.૩૦ કલાક દરમિયાન ૬૧/૧ ઘ ટાઈપ સે-૨૩ ખાતે સદભાવના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

સંમેલનમાં પ્રસિધ્ધ સાહિત્યકાર રતીલાલ બોરીસાગર અને વરિષ્ઠ પત્રકાર ઈન્દુકુમાર જાની ઉપસ્થિત રહી વકતવ્ય આપશે. આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા પ્રતિનિધિ તરીકે સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમ સદભાવના ફોરમના સંયોજક ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## મંથન અપંગ કન્યા સેવા સંકુલનો રજત જયંતિ સમારોહ

મંથન અપંગ કન્યા સેવા સંકુલ દ્વારા રજતજયંતિ સમારોહ જુલાઈ ૨૦૧૫ થી મે ૨૦૧૬ સુધી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંથન સેવા સંસ્થા આગામી દિવસોમાં ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે રજત જયંતિ વર્ષ દરમિયાન નગરજનો તરફથી અમૂલ્ય માર્ગદર્શન અને સલાહ સૂચન દરેક પ્રસંગની જેમ આ અવસરમાં પણ નગરજનો પાસેથી મંગાવેલ છે. મંગાવેલ માર્ગદર્શન ૩૦ સપ્ટેમ્બરના રોજ સુધી પત્ર દ્વારા કાર્યાલય ખાતે મોકલવાના રહેશે. આ અંગેની માહિતી સંસ્થાના નિરૂબેન રાવલ દ્વારા આપવામાં આવી છે.

# ગુજરાતની પહેલી નોનટોક્સીક ટર્ફ કોર્ટનો કોસમોસ કૈસલ ઈન્ટરનેશનલ સ્કુલમાં પ્રારંભ

## ઝીરો વેસ્ટ સોલર એનર્જીથી ચાલતી રાજ્યની એકમાત્ર શાળા કોસમોસ કૈસલ ઇન્ટરનેશનલ સ્કુલ

અમદાવાદ, દેશમાં ગુણવતાયુકત શિક્ષણની સાથે-સાથે હવે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનને પણ મહત્વ આપવામાં આવે છે. રાજયમાં આવી એક માત્ર શાળા છે જેણે રમતગમત, પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનો સમન્વય કર્યો છે. કોસમોસ કૈસલ ઈન્ટરનેશનલ સ્કુલમાં શૂન્ય કચરો છે અને આ શાળાએ નોનટોકસીક કારપેટ સાથે ટર્ફ કોર્ટનો પ્રારંભ કર્યો છે.




કોસમોસ કૈસલ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા એક ટર્ફ કોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજયમાં એક માત્ર સ્કુલ એવી છે. જેમાં નોનટોકસીક કારપેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ફુટબોલ, બાસ્કેટ બોલ, હોકી સહિતની અનેક રમતો રમી શકાય છે.

કોસમોસ કૈસલ ઈન્ટરનેશનલ સ્કુલના પ્રેસીડેન્ટ શ્રી સુરેશ અગ્રવાલે તથા મેનેજીંગ ટ્રસ્ટી ચારુબેન અગ્રવાલે વધુમાં જણાવ્યુ હતું કે, વિધાર્થીઓને રમતગમત અંગે પ્રોત્સાહન મળે તે માટે ઈન્ટર સ્કુલ હરિફાઈનું આયોજન કરવામાં આવશે તે માટે વિના મુલ્યે આ શાળાનુ મેદાન (ટર્ફ કોર્ટ) અપાશે. આ ઉપરાંત આ શાળા સ્વચ્છતા અભિયાનમાં પણ સહયોગ આપે છે. આ શાળામાં ઝીરો વેસ્ટ છે. તમામ કચરાનો નિકાલ રીસાઈકલીંક ધ્વારા કરવામાં આવે છે. આ માટે કેટલાક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ રોજ કામ કરે છે અને તેમાંથી જે આવક થાય તે રકમ કોસમોસ કૈસલ ધ્વારા મમદપુરાની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળા દત્તક લેવામાં આવી છે તેને આપી દેવામાં આવે છે. આ ઉપરાંત આ શાળામાં સોલર એનર્જીનો ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે પર્યાવરણની જાળવણી થાય છે. આ પ્રસંગે મહારાજા અગ્રસેન વિદ્યાલયના પૂર્વ ડાયરેકટર શ્રી એસ. એસ. લાલ અગ્રવાલ, મહારાજા અગ્રસેન વિદ્યાલયના આચાર્ય શ્રીમતિ શોભાત્યાગી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ડેપ્યુટી ચેરમેન શ્રી આર. આર. ઠક્કર, જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. એ. કે. રાઠોડ, જિલ્લા શિક્ષણ અધિકારી (ગ્રામ્ય) શ્રી એમ. આઈ. જોષી ઉપસ્થિત રહયા હતા.



ભાદરવી પૂનમે મા અંબાના પવિત્રધામ અંબાજી ખાતે લાખો શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટે છે. ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જવાનો અનોખો મહિમા છે. રાજ્યભરમાંથી લાખોની સંખ્યામાં ભક્તો પગપાળા અંબાજી જાય છે. અમદાવાદ નારણપુરાથી પણ સંઘ પગપાળા અંબાજી જવા રવાના થયો છે. તે ગાંધીનગરના ચ-માર્ગ પરથી પસાર થયો તે વેળાની તસવીર.